## પાલનપુરમાં વિદ્યાર્થી સંગઠન દ્વારા છાત્રોના પ્રશ્ન મુદ્દે આંદોલનની ચિમકી

### કોલેજના કેમ્પસ ડાયરેક્ટરને આવેદનપત્ર અપાયું

પાલનપુર

બનાસકાંઠા વિદ્યાર્થી સંગઠન એબીવીપી દ્વારા વિદ્યાર્થી દિવસ નિમીત્તે વિદ્યાર્થીઓને પડતી મુસ્કેલીઓના મુદ્દે જી.ડી.મોડી વિદ્યા સંકુલના કેમ્પસ ડાયરેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યુ હતુ. અને જો પ્રશ્નોનું નિરાકરણ નહી આવે તો આંદોલનની ચિમકી ઉચ્ચારી હતી.

બનાસકાંઠા વિદ્યાર્થી સંગઠન એબીવીપી દ્વારા વિદ્યાર્થી દિવસ નિમીત્તે વિદ્યાર્થીઓને પડતી મુસ્કેલીઓના મુદ્દે જી.ડી.મોડી વિદ્યા સંકુલના કેમ્પસ ડાયરેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યુ હતુ. જેમાં જણાવાયું હતુ કે, કોલેજ દ્વારા વિદ્યાર્થીના એડમીસન સમયે રૂ.૨૦૦૦ ડીપોજીટ લેવામાં આવે છે. તેમજ ઠંડુ પાણી, સેલફાયનાન્સના વિદ્યાર્થીઓને એનસીસીમાં પ્રવેશ આપવો, યોગ્ય પાર્કિંગની વ્યવસ્થા ઉભી કરવામાં આવે જો આ પ્રશ્નો ઉકેલ નહી આવે તો આગામી દિવસોમાં વિદ્યાર્થી સંગઠન દ્વારા ઉગ્રકાર્યક્રમ કરી વિરોધ દર્શાવવામાં આવશે.

## વડગામ વિ. જે. પટેલ હાઈસ્કૂલથી માર્કેટ યાર્ડ ત્રણ રસ્તા સુધીનો માર્ગ બિસ્માર

### નેશનલ હાઇવેનું કામ અધુરૂ છોડી દેતાં લોકો પરેશાન

વડગામ, તા. ૬

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકા મથકે બજારનો મેઈન માર્ગ જ ઘણા સમયથી બિસ્માર હાલતમાં બની જતા અનેક લોકો પરેશાનીઓ ભોગવી રહ્યા છે.

પાલનપુર ધનિયાણા ચાર રસ્તાથી વાયા મેરવાડા વડગામ થઈને ખેરાલુ હિમંતનગર સુધીનો નેશનલ હાઈવે મંજુર કરાયો છે જે રોડ બનાવવાની કામગીરીમાં મોટા પાયે ગેરરિતીઓ આચરાઈ છે અને વડગામ વિ.જે. પટેલ હાઈસ્કૂલથી મગરવાડા ત્રણ રસ્તા સુધીનો બજારનો મેઈન રસ્તો કેટલાય સમયથી તુટી જવા પામ્યો છે. વડગામ ભોજકવાડી પાસે બનાવેલો આર.સી.સી. રોડ વચ્ચે મોટા ખાડા પડી ગયા છે.

આ રોડ પરથી સવાર-સાંજ મોટા પ્રમાણમાં વાહનોની ભારે અવરજવર થતી રહી છે. જેના કારણે વાહનચાલકોને પણ ભારે હાલાકીઓ વેઠવી પડી રહી છે. આગામી અંબાજી ભાદરવી પૂનમનો મેળો નજીક આવી રહ્યો હોય વડગામના માર્ગ ઉપરથી સિધ્ધપુર, પાટણ, ઉંઝા, મહેસાણા, અમદાવાદ સહિતના પદયાત્રીઓનો પણ આ રોડ પરથી ભારે અવરજવર રહેતી હોય છે. પદયાત્રીઓને તુટેલા રસ્તાના કારણે મુશ્કેલીઓ વેઠવાનો વારો આવે તે પહેલાં માર્ગ મકાનના સત્તાધીશો દ્વારા આ રોડને બનાવાય તેવુ લોકો અને વાહનચાલકો ઈચ્છી રહ્યાં છે.



**જમ્મુ-કાશ્મીરમાં ૩૭૦ની કલમ હટાવાતા વડગામમાં આનંદ મનાવાયો**

વડગામ અખિલ વિદ્યાર્થી પરીષદ દ્વારા રેલી યોજી ભારે સુત્રોચ્ચાર સાથે આનંદ મનાવાયો હતો. કેન્દ્ર સરકાર દ્વારા જમ્મુ-કાશ્મીરમાં ઐતિહાસિક નિર્ણય લઈને ૩૭૦ અને ૩૫ એ ની કલમ હટાવતાં ઠેર ઠેર લોકોમાં આનંદ છવાયો છે. ભારત સરકાર દ્વારા જમ્મુ-કાશ્મીરમાં ઐતિહાસિક નિર્ણય લેવાયો છે. ૭૦ વર્ષથી જે નહતું થઈ શક્યું તે કેન્દ્ર સરકાર દ્વારા ૩૭૦ ૩૫છ કલમ હટાવતાં સમગ્ર દેશમાં આનંદ છવાયો છે. વડગામમાં પણ અખિલ વિદ્યાર્થી પરિષદના અધ્યક્ષ આશિષ મેવાડાના આગેવાની હેઠળ વડગામ કોલેજથી રેલી યોજી હતી અને વડગામ બસ સ્ટેન્ડ વિસ્તારમાં ભારે સૂત્રોચ્ચાર કરીની આનંદ મનાવાયો હતો.



**જમ્મુ-કાશ્મીરમાં ૩૭૦ દૂર કરાતા ફટાકડા ફોડી ઉજવણી કરાઇ**

કેન્દ્રની નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ભારત દેશનો અભિન્ન અંગ એવા એવા જમ્મુ કાશ્મીરમાંથી ધારા ૩૭૦ અને ૩૫એ દૂર કરવાના ઐતિહાસિક નિર્ણય લેવા બદલ પ્રધાનમંત્રી શ્રીમાન નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી અમિતભાઈ શાહનો શીકા ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ બિંકલબેન વિપુલભાઈ પટેલે અને ગામના કાર્યકર્તાઓએ આભાર માન્યો હતો અને આના ભાગરૂપે શીકા ગામમાં આતશબાજીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમાં ભારત માતા કી જયના નારા થી સર્વે હાજર કાર્યકર્તાઓ ભાવવિભોર બન્યા હતા. શીકાના ડેપ્યુટી સરપંચ બિંકલબેન વિપુલભાઈ પટેલ અને ગામના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અખિલ ભારતીય આંજણા સમાજ રત્નોનો સન્માન સમારંભ યોજાયો

અખિલ ભારતીય આંજણા સમાજ રત્નોનો સન્માન સમારંભ મોડાસા ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમ મોડાસા કુમકુમ પાર્ટી પ્લોટ ખાતે યોજાયો હતો. જેમાં શ્રી અખિલ આંજણા સમાજના ભારતમાં સફળતાના શિખરો સર કર્યા છે અને વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સેવાઓ પ્રદાન કરી છે તેવા સમાજના મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન બાદ મહેમાનોનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સ્વરુચિ ભોજન પણ રાખવામાં આવ્યું હતું. અખિલ ભારતીય આંજણા સમાજ, ભારતના ડીરેકટર નારણભાઈ એમ. પટેલ ધ્વારા આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

## સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ગુંદેલ ગામે શાળા બંધ થતા બાળકોને હાલાકી

ખેડબ્રહ્મા, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ગુંદેલ ગામે શાળા બંધ ખથતા બાળકોને હાલાકી પડી રહી છે, તો બીજી તરફ ગઢડા શામળાજી ગામ ખાતે નવીન શાળા મંજુરીથી ચાલુ કરવામાં આવી છે. તેમ છતાં સ્ટાફની અછતને લઈને બાળકોનું ભાવી અધ્ધરતાલ છે. ખેડબ્રહ્માની સરકારી મા. શાળા ગઢડા શામળાજી ૩ વર્ષથી શિક્ષણ ખોરંભે ચઢ્યું છે.

ખેડબ્રહ્મા તાલુકાના ગઢડા શામળાજી ગામે છેલ્લા ત્રણ વર્ષથી મંજુર થયેલી સરકારી માધ્યમિક શાળાની તબિયત ખરાબ હોવાનું સામે આવ્યુ ત્યાંથી આસપાસના નાના ગામના બાળકો જેમાં આઠથી દસ ગામ ના વિદ્યાર્થી છે. શિક્ષકોના અભાવે ગુદેલ ગામે જતા હતા. સરકારી ભર્તીના નીતિ નિયમોને લઈને શાળા બંધ થતા બાળકો હાલાકી ભોગવી રહ્યા છે જ્યારે ગઢડા શામળાજી ગામે શાળામાં શિક્ષકોના અભાવે દર વર્ષે પરિણામ નબળું આવી રહયુ છે. જેનાથી વિધાર્થીઓની સંખ્યા તબક્કાવાર ઘટતા આજે માંડ ૨૦ રહી છે. જેનાથી કંટાળી ગામના સરપંચે અવાર-નવાર કરેલી રજૂઆતો છતાં બેદરકારી સામે આવી છે.

સાબરકાંઠા ખેડબ્રહ્મા તાલુકાના ગઢડા શામળાજી ગામ નજીક ચાંપલપુર માધ્યમિક શાળા ત્રણ વર્ષ અગાઉ મંજુર થઈ હતી. જેમાં અત્યાર સુધી શાળાનું મકાન ન હોવાથી ભાડેથી ચલાવવામાં આવી રહયુ છે. સરકારી માધ્યમિક શાળામાં ધોરણ-૯થી ૧૦ વચ્ચે એક આચાર્ય સહીત ૪ શિક્ષકોનું મહેકમ છે. જોકે, છેલ્લા ૩ વર્ષથી ઈન્ચાર્જ આચાર્ય અને નિવૃત્ત કર્મચારીને શિક્ષક તરીકે લઈ સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે.

સુત્રોએ જણાવ્યુ હતુ કે, શાળાની શરૂઆતથી અત્યાર સુધી ધોરણ ૧૦નું પરિણામ અત્યંત નિરાશાજનક આવી રહયુ છે. જેનાથી શરૂઆતના ૪૦ વિદ્યાર્થીઓની સંખ્યા ઘટીને માંડ ૧૫ થી ૨૦ રહી છે. સરપંચ સહિતના આગેવાનોએ વિવિધ કક્ષાએ અનેકવાર રજૂઆત કરી શાળાનું મકાન અને કાયમી શિક્ષકો આપવા જણાવેલ છતાં પરિણામ શુન્ય રહયુ છે જ્યારે આ ગામ અને આસપાસના નાના ગામના બાળકો ગુદેલ સુધી ભણવા જઈ રહ્યા છે તો ગુદેલ શાળા બંધ થતા બાળકોને ઠેઠ ઉંચીધનાલ સુધી લાંબા થવાનો વારો આવ્યો છે. જો ગઢડા શામળાજી ખાતે આવેલ સ્કુલમાં રેગ્યુલર સ્ટાફ મુકવામાં આવે તો ગુદેલ હાઈસ્કુલના ૩૪૭ બાળકોને મહંદઅંશે રાહત થાય એમ છે.

આ બાબતે ગઢડા શામળાજી ગ્રામ પંચાયતના સરપંચે જણાવ્યું કે ૧૫મી ઓગસ્ટ સુધી સ્ટાફની ભરતી અંગે કોઈ કાર્યવાહી નહિ કરવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આગળ આંદોલન કરવામાં આવશે તેવું જણાવ્યું હતુ.

## પાલનપુર માથુર વેશ્ય ગુપ્તા સમાજના હોદ્દેદારોની કરાઈ વરણી

### પ્રમુખ તરીકે બિપીનભાઇ ગુપ્તાની સર્વાનું મતે વરણી

પાલનપુરમાં વસતા માથુર વેશ્ય ગુપ્તા સમાજના નવિન



હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.જેમાં પ્રમુખ તરીકે બિપીનભાઈ ગુપ્તાની સર્વાનું મતે વરણી કરવામાં આવી હતી.જેમને સમાજ દ્વારા ફુલહાર પહેરાવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

પાલનપુરમાં માથુર વેશ્ય ગુપ્તા સામાજ વસવાટ કરે છે.જેમાં તાજેતરમાં સમાજની બેઠક મળી હતી.અને પ્રમુખ તરીકે સર્વાનું મતે બિપીનભાઈ કાંતીલાલ ગુપ્તાની વરણી કરવામાં આવી હતી તેમજ મંત્રી તરીકે રાકેશભાઈ ગુપ્તા, ઉપ પ્રમુખ નયનભાઈ શાહ, કોસાધ્યક્ષ દિપકભાઈ ગુપ્તા,સહમંત્રી અજયભાઈ ગુપ્તા,કોચ નિરીક્ષક મુકેશભાઈ ગુપ્તા,તેમજ સલાહકાર સમિતીની રચના કરવામાં આવી હતી.જેમાં ડો.સુરેન્દ્રભાઈ ગુપ્તા,મહેન્દ્રભાઈ ગુપ્તા,કેતનભાઈ ગુપ્તા,અતુલ ગુપ્તા,વિજયભાઈ ગુપ્તાની વરણી કરવામાં આવી હતી.જેમને સમાજ દ્વારા ફુલહાર પહેરાવી શુભેચ્છા પાઠવી હતી.

## પાલનપુર પાલિકાના બનાવટી લેટર પેડના આધારે ચેકબુક મેળવી પાલિકાને રૂપિયા ૧૮.૬૨ લાખનો ચુનો લગાવનાર શખ્સો સામે ફરીયાદ

પાલનપુર

પાલનપુર નગરપાલિકાના નામનો ખોટો લેટરપેડ બેંકમાં રજૂ કરી તેના થકી ચેક બુકો મેળવી તે ચેકમાં પાલિકાના મુખ્ય અધિકારી અને એકાઉન્ટન્ટની ખોટી સહિઓ કરી રૂપિયા ૧૮.૬૨ લાખની રકમની ઠગાઈ થઈ હોવાનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં મુખ્ય અધિકારીએ ઠગાઈ આચરનારા ડીસાના કોન્ટ્રાકટર સહિત શખ્સો સામે પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે આ ઠગ ટોળકીને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે. પાલિકાના સત્તાધીશોની જાણ બહાર આચરાયેલું કૌભાંડ ખુલ્લુ પડતાં સમગ્ર શહેરમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર નગરપાલિકાના બેંક એકાઉન્ટમાંથી થયેલી ઠગાઈની વિગતો એવી છે કે, ડીસા નહેરૂનગર વાદીટેકરા વિસ્તારમાં રહેતો ભુપતજી તગાજી વાદીએ પાલનપુર નગરપાલિકાનું ખોટુ લેટરપેડ બનાવી નગરપાલિકાને ચેકબુકોની જરૂર હોવાનું લખાણ લખી પાલનપુર એચ. ડી. એફ. સી. બેંકમાં આપ્યું હતુ. જેના આધારે બેંકે ચેક બુક ઈસ્યુ કરી હતી. જેમાં ભુપતજી વાદીએ બે ચેકમાં ચીફ ઓફિસર પંકજ બારોટ અને પાલિકાના એકાઉન્ટન્ટ મહેશભાઈની ખોટી સહિઓ કરી રૂપિયા ૧૮,૬૨,૩૮૫ પોતાના થરાદ સ્થિત બેંકના ખાતામાં જમા કરાવ્યા હતા. જોકે, આ ઠગાઈની પાલિકાને જાણ થતાં મુખ્ય અધિકારી પંકજ બારોટે પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ડીસાના કોન્ટ્રાકટર ભુપતજી વાદી અને અન્ય શખ્સો સામે ગૂનો નોંધી પીએસઆઈ કે. એન. રાઠવાએ તેમને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.



**ગુજરાત અંડર-૯ રેપિડ ચેસ સ્પર્ધામાં મોડાસાનો વૈદીશ પટેલ પ્રથમ**

રેપિડ ચેસ સ્પર્ધામાં ૨૦૦થી વધુ સ્પર્ધકોએ ગુજરાતમાંથી ભાગ લીધો હતો જેમાં અરવલ્લી જીલ્લાના મોડાસાના વૈદીશ કૃપેશ પટેલે રેપિડ ચેસ સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ચેમ્પિયન એવોર્ડ એનાયત કરાયો હતો. સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી મોડાસા શહેરનું નામ સમગ્ર રાજ્યમાં રોશન કરતા શહેરીજનો અને જીલ્લાના પ્રજાજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

## ચોડુંગરી નવીન વિદ્યા સંકુલ ખાતે વડીલો દ્વારા વૃક્ષારોપણ કરાયું

બનાસકાંઠામાં આ વર્ષે વાવણી લાયક વરસાદ ન પડતાં ખેડૂતો અને લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. ત્યારે સારો વરસાદ વરસે તે માટે બનાસડેરી બનાસડેરીના તમામ ડિરેક્ટરોએ યજ્ઞમાં આહુતિ આપી હતી. જોકે જિલ્લામાં વૃક્ષોની સંખ્યા વધે અને જિલ્લો હરિયાળો બને તે માટે બનાસડેરીના સભ્યો દ્વારા



દ્વારા ડેરીના પરિસરમાં બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર અને ધાર્મિકવિધિ સાથે મેઘરાજાને રીઝવવા માટે પર્જન્ય યજ્ઞ કરવામાં આવ્યો હતો અને વૃક્ષારોપણ કરવામાં આવ્યું. જેના અનુસંધાને આગામી ૨૫ જુલાઈથી ૩૧ ઓગસ્ટ સુધી ૨૧ લાખ જેટલા વૃક્ષો વાવવા માટેનો સંકલ્પ લેવાયો છે. જયારે આગામી દર વર્ષમાં આ વિસ્તારને હરિયાળો બનાવવા માટે ૧૦ કરોડ વૃક્ષો વાવવાનો સંપકલ્પ પણ લેવામાં આવ્યો જેમાં દાંતીવાડા તાલુકા ચોડુંગરી મુકામે આવેલ નવીન ૧૮ ખડોસ કેળવણી સંચાલિત સંકુલ ખાતે આજ રોજ ૨૧૦૦ જેટલા પીપળ, વડ, નારિયેલી, આંબલી, ચીકુડી, જામફળી, સીતાફળ, લીંબડી જેવા અલગ અલગ વૃક્ષોનું તમામ ગામોના વડીલો દ્વારા સંકુલના પટાંગણમાં વૃક્ષારોપણ કરી ૨૧૦૦ જેટલા વૃક્ષો ઉછેરવાના શપથ લેવામાં આવ્યા હતા.

રવિવારના સવારે દસ વાગ્યાના સમયે ચોડુંગરી મુકામે ૧૮ ચૌધરી ખડોસ ઝલા સંકુલ ખાતે ૨૧૦૦ જેટલા વૃક્ષોના ખાડો ખોદી તેનું વાવેતર કર્યું હતું. એટલું નહી તાલુકા સમગ્ર દૂધમંડળીને પણ આજ રીતે વૃક્ષોનું વાવેતર કરવા માટે અભિયાનને આગળ ધપાવવા અનુરોધ પણ કર્યો હતો. ઉપરાંત તાલુકામાં આવેલ તમામ ગામોમાં વૃક્ષો વાવના તેમજ વાવેલ છોડને નિયમિત રીતે પાણી મળી રહે તે માટેના શપથ પણ લેવરાવ્યાં હતા.

## ગાંભોઈમાં ફાયનાન્સ પેઢીનું ઉઠામણું થતા દસ સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૬

હિંમતનગર પાસે આવેલા ગાંભોઈમાં છેલ્લા એક વર્ષથી સોનાના દાગીના પર લોન આપી ધીરધાર કરનાર ફાયનાન્સરે અંદાજે પાંચથી વધુ લોકોના રૂ. ૧૦ લાખથી વધુની રકમ પરત ન લઈ દાગીના ઓળવી જઈ ફાયનાન્સ પેઢીને ખંભાતી તાળુ મારી ભાગી જતા હિંમતનગર તાલુકાના પેઢમાલા ગામના એક રહીશે સોમવારે ફાયનાન્સ પેઢીના દસ સંચાલકો વિરૂદ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે પેઢમાલા ગામના ચિરાગકુમાર ધુળાભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ છેલ્લા એક વર્ષથી ગાંભોઈમાં ગ્લોબલ ગોથાજી પ્રાઈવેટ લીમીટેડ ગોલ્ડ લોન તથા ગોથાજી ગ્લોબલ નિધી નામની ફાયનાન્સ કંપની ખોલીને ગ્રાહકોને બચતપેટે લોભામણી લાલચો આપી તથા સોનાના દાગીના ઉપર લોન આપવાના બહાને છેલ્લા એક વર્ષથી ગાંભોઈ અને આસપાસના વિસ્તારના લોકોનો વિશ્વાસ સંપાદન કર્યો હતો. જેમાં ચિરાગભાઈ પટેલે પણ રૂ. ૧.૨૦ લાખથી વધુના સોનાના અંદાજે પાંચ તોલા દાગીના પર લોન લીધી હતી.

તેજ પ્રમાણે પેઢમાલાના પ્રભુભાઈ રેવાભાઈ પટેલે પણ અંદાજે ૧૮.૫ તોલા સોનાના દાગીના પર અંદાજે રૂ. ૪.૬૪ લાખથી વધુની લોન લીધી હતી. અક્ષયકુમાર જયેશભાઈ પટેલે પણ પાંચ તોલાથી વધુના દાગીના પર ફાયનાન્સમાંથી રૂ. ૧.૩૭ લાખ લીધા હતા. ચિરાગદભાઈ તથા રમેશજી જામાજી ચૌહાણે લીધેલા રૂ. ૧.૨૦ લાખથી વધુની રકમ ફાયનાન્સરને પરત આપી ગીરવે મુકેલા દાગીના પરત ન આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. જે અંગે આ વિસ્તારમાં અન્ય લોકોને ખબર પડતા તેઓ પણ લોનની રકમ પરત આપવા ધસારો કર્યો હતો. દરમ્યાન ગોથાજી ફાયનાન્સના દસ સંચાલકોએ આ વિસ્તારના લોકોના અંદાજે ૩૩ તોલા સોનાના દાગીના ઓળવી જઈ ફાયનાન્સ પેઢીને ખંભાતી તાળુ મારીને રફુચક્કર થઈ ગયા હતા.

### સાબરકાંઠા-અરવલ્લીમાં ફાઈનાન્સ લિમિટેડ કંપની સંચાલનમાં

## “ગોથું” ખાતા લોકોના કરોડો રૂપિયા ફસાયા

સાબરકાંઠાના એક ગ્રામ્ય વિસ્તારના એપાર્ટમેન્ટમાં કોર્પોરેટ ઓફિસ ધરાવતી એક ફાઈનાન્સ લિમિટેડ કંપની સંચાલન કરવામાં “ગોથું” ખાઈ જતા બંને જીલ્લાના ૫૦ કરોડથી વધુ રૂપિયા લોકોના ફસાતા પ્રજાજનોની હાલત કફોડી બની છે. સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં શહેરી વિસ્તારોમાં અને તાલુકા મથકોએ ભપકાદાર ઓફિસ ખોલી ગોલ્ડ પર ફક્ત ૧ ટકા વ્યાજે લોન આપી વિશ્વાસ કેળવી લોકો પાસેથી ઉંચા વ્યાજ આપવાની લાલચ આપી કરોડો રૂપિયા ફિક્સ ડિપોઝીટ પેટે ઉઘરાવી લોકો સાથે છેતરપિંડી કરી છેલ્લા સપ્તાહથી વધુ સમયથી તમામ ઓફિસને તાળા મારી રફુચક્કર થતા ફાઈનાન્સ લિમિટેડ કંપનીએ ઉઠમણું કરી લીધું હોવાની ચર્ચાએ ભારે ચકચાર મચાવી છે. સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં સસ્તા દરે ગોલ્ડ પર ધિરાણ મેળવનાર લોકો ફસાઈ ગયા છે લોનના હપ્તા ભરાઈ ગયા પછી ગોલ્ડ અને સોનાના દાગીના પરત માંગતા ફાઈનાન્સ પેઢીના માલિક અને કર્મચારીઓ ગલ્લા-તલ્લા કરી ગ્રાહકોને ૧ મહિનાથી પરત મોકલતા ગોલ્ડ પણ ગુમાવવાનો વારો આવ્યો છે. ખાનગી પેઢીના બંને માલિકો ઘરને તાળા મારી સપ્તાહ પહેલા રાજસ્થાનની વાટ પકડી લીધી છે.

### ફાઈનાન્સ પેઢીના માલિકોએ ગ્રામ્ય વિસ્તારમાં પ્રજાજનોને લૂંટવા બનાવેલી મોડસ ઓપરેન્ડીસ

બંને જીલ્લાનાગ્રામ્ય વિસ્તારોમાં ઠેર ઠેર એજન્ટોની નિમણુંક કરી ગરીબ અને ભોળી પ્રજાને કંપનીમાં રોકાણ કરવા નિતનવા નુસ્ખા અપનાવી ફાઈનાન્સ કંપનીના પરપ્રાંતીય સંચાલકો કરોડો રૂપિયાનું ફુલેકુ ફેરવી ગાયબ થઈ જતા લોકોને રાતાપાણીએ રોવાનો વારો આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં વેપારીઓ, ખેડૂત, શ્રમજીવી પરિવારોના ઘરે નાની બચત રૂપી રૂપિયા નાખવા બોક્સ મૂકી દર મહિને ખેડૂતોએ શ્રમજીવી પરિવારોએ કરેલી બચત ફાઈનાન્સ કંપનીમાં જમા કરાવવાની સામે વર્ષે દહાડે મોટું વળતર આપવાની લાલચ આપી અને સ્થાનિક ગામનાજ એજન્ટ ઉભા કરી રૂપિયા ઉઘરાવી લેતા ખેડૂતો અને શ્રમજીવી પરિવારોની પરસેવાની કમાણી ડૂબી જતા દયનિય હાલતમાં મુકાયા છે.

## પ્રાંતિજ તાલુકામાં મહિલા સશક્તિકરણ પખવાડિયુ તથા સ્તનપાન સપ્તાહની ઉજવણી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અર્બન હેલ્થ સેન્ટર પ્રાંતિજ ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય સૂચનાથી જિલ્લા આર. સી. એચ. ઓ કો.આર.જી શ્રીમાળી અને તાલુકા હેલ્થ ડૉ. એ. એચ. સોલંકી તથા યુ.



અધિકારી ડૉ.મનીષ ફેન્સીની પી. એચ.સી. પ્રાંતિજ મેડીકલ ઓફિસર ડૉ. ચંદાબેન પરમારના માર્ગ દર્શન હેઠળ મહિલા સશક્તિકરણ પખવાડિયુ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી રહી છે. જેમાં રોજ રોજ વિવિધ કાર્યક્રમો જેવા કે બેટી બચાવો, બેટી પઢાવો, કુપોષણ નાબુદી, દીકરીના જન્મ વધામણી, ભ્રણ હત્યા અટકાવવી મહિલા સંમલેન તથા દીકરી દીકરા એક સમાન જેવા કાર્યક્રમો અંતર્ગત યુ. પી. એચ. સી. પ્રાંતિજ ખાતે રેલીનું આયોજન કરી લોક જાગૃતિનો કાર્યક્રમ રેલી દરમ્યાન યોજાયો હતો.



**વડગામના વરણાવાડા ગામમાં વૃક્ષારોપણ કરાયુ**

વડગામ તાલુકાના વરણાવાડા ગામમાં રવિવારે ગામના સરપંચ મહેશપુરી ગોસ્વામી, દૂધ ઉત્પાદક ડેરીના ચેરમેન સુરેશભાઈ વાલજીભાઈ દેસાઈ, મંત્રી મુકેશભાઈ ચૌધરી, ગ્રામ પંચાયત સ્ટાફ તથા ગ્રામજનો દ્વારા ગામમાં અને ગામની આજુબાજુની પડતર જમીનમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. અને જિલ્લામાં અપૂરતા વરસાદ અને ગ્લોબલ વૉર્મિંગની અસરોથી બચવા માટે વૃક્ષારોપણ જ શ્રેષ્ઠ વિકલ્પ છે એ વિધાનને સાર્થક કરતા વૃક્ષારોપણ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગામના લોકો જોડાયા હતા.